હરિ ૐ આશ્રમ પ્રેરિત

# રૂનઝ ગુનઝ

રવીન્દ્ર ઠાકોર

૮૨



ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ

હરિ ૐ આશ્રમ-પ્રેરિત
શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક ચોવીસમું

# રુમ્મક ઝુમ્મક

૨૫

રવીન્દ્ર ઠાકોર

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

'Rummak Zummak' – a collection of children poems by Ravindra Thakore, 1980.

પ્રકાશક : રઘુવીર ચૌધરી
મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
પરિષદ ભવન, ટાઇમ્સ ઑફ ઇન્ડિયાની પાછળ, આશ્રમ રોડ
અમદાવાદ–૩૮૦૦૦૯

□

© કેયૂર ઠાકોર

●

પ્રથમ આવૃત્તિ, ૧૯૮૦
પ્રત : ૧૨૫૦

●


કિંમત રૂ. ૩–૦૦

●

આવરણ : રજની વ્યાસ

□

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૩૮૦૦૦૧



શૈલને —

નિર્ઝરને —

## પ્રારંભે . . . .

'કૂકડે કૂક', 'ભમ દઈને ભૂસકા', 'સાકર શેરડી ખજૂર' પછી મારાં બાળકાવ્યોનો આ ચોથો સંગ્રહ પ્રગટ થાય છે તેનો આનંદ છે. ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આ પ્રકાશન થાય છે, તેનો સવિશેષ આનંદ છે. સાહિત્યપરિષદનો હું આભારી છું. શ્રી રમણલાલ જોશી તથા શ્રી રઘુવીર ચૌધરી એ બંને સ્વજનોએ આના પ્રકાશનમાં જે રસ લીધો છે તેમના સ્નેહનું ઋણ હું કઈ રીતે ચૂકવું એ જ પ્રશ્ન છે. માત્ર આભારથી ચૂકવાશે?

— રવીન્દ્ર ઠાકોર



# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

## ચોવીસમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરે તેવાં બાલસાહિત્ય સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૨૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. આનો હેતુ બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવાં બાલસાહિત્યનું સર્જન કરવાનો રાખવામાં આવ્યો. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે આઠ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં. આજે આ ગ્રંથમાળાનું ચોવીસમું પુસ્તક પ્રસિદ્ધ થઈ રહ્યું છે. શ્રી રવીન્દ્ર ઠાકોરના બાળકાવ્યનો સંગ્રહ 'રુમ્મક ઝુમ્મક' બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ જે રીતે અમારાં પ્રકાશનોને આનંદથી સ્વીકાર્યાં છે, તે રીતે આ બાળ-કાવ્યોના સંગ્રહને સ્વીકારશે તેવી અમને શ્રદ્ધા છે.

મંત્રીઓ

તા. ૫ ૧૧-૧૯૯૦ ગુજરાતી સાહિત્ય પરિષદ

# ● અનુક્રમણિકા ●


૧. તારા ... ૧
૨. રાત ... ૨
૩. પતંગિયું ... ૩
૪. સાગર ... ૪
૫. લાલદરવાજા ... ૫
૬. કાંકરિયા ... ૬
૭. માણેકચોક ... ૮
૮. ધુમ્મસ ... ૯
૯. ગુલાબ ... ૧૧
૧૦. મોગરો ... ૧૧
૧૧. કમળ ... ૧૨
૧૨. સૂરજમુખી ... ૧૩
૧૩. વસંત ... ૧૩
૧૪. તડકો ... ૧૪
૧૫. પવન ... ૧૬
૧૬. હલેસાં ... ૧૯
૧૭. ટોળી ... ૨૦
૧૮. સૂર ... ૨૧
૧૯. હુસેનચાચા ... ૨૨
૨૦. ઝાંઝર ... ૨૪
૨૧. બેનીબા ... ૨૬
૨૨. ઢીંગલી ... ૨૭
૨૩. સપનું ... ૨૮
૨૪. દહીંનો ઘોડો ... ૨૯
૨૫. ચાંદો ... ૩૧
૨૬. હોડી ... ૩૩
૨૭. રેલ ... ૩૬
૨૮. એરોપ્લેન ... ૩૮
૨૯. રેડિયો ... ૩૯
૩૦. ઘડિયાળના કાંટા ... ૪૦
૩૧. ડીંગડોંગ, ડીંગડોંગ ... ૪૧
૩૨. સાત સાત રંગો છલકાય ... ૪૩
૩૩. પોપટ ... ૪૪
૩૪. મિન્ની માસી ઝિંદાબાદ ... ૪૫
૩૫ બિલ્લીબાઈ ... ૪૭
૩૬. ઉંદર સાત પૂછડિયો ... ૪૯
૩૭. ફૂલડાં ... ૫૧
૩૮. નાચો બંદર ... ૫૧
૩૯. બંદા બહાદર ... ૫૩


□

## ૧ : તારા

મા ! તારા આ શીદ જાગે ?
અંધારાની આંગળી ઝાલી
કહેને ક્યાં એ જાતા ?
નાની અમથી બારીમાંથી
શીદ ઘરમાં ડોકાતા ?
કરવી છે, હેં, વાત કશી કે
કશુંક આજે માગે ?

ચાંદ ચઢે આકાશે ત્યારે
હરખે હરખાઈ જાય,
ઝબુક ઝબકે વીજળી ત્યારે
ડરથી ભાગી જાય.
નાનાં અમથાં છોકરાં જેવાં
ગાંડા કેવા લાગે ?

આકાશી ચોગાને રમતા
રમતો કેવી ન્યારી !
અંધારામાં ખીલવી કેવી

નવલી તેજલ ક્યારી!
હળવે હળવે હાલરું ગાતા
અલકમલકના રાગે.

□

## ૨ : રાત

આ રાત રમવા આવી છે.
થનગનતી, નરતનતી, રૂમઝુમ પગલે રમવા આવી છે.
ચાંદામામાને ઘર દીઠો એણે બળતો દીવો,
બસ, પછી એ ઘેલીને શું? વાતોનો રસ પીવો.
ચાંદામામા સંગાથે શી ગોઠ એણે જમાવી છે!
તારાને તાણી લે જતી ક્યાંની ક્યાં એ દૂર?
કંઠે એને ઝમતા આજે સપનાના કૈં સૂર.
સૂતી પરીઓને પણ એણે ચૂંટી ખણી જગાડી છે.
નદીઓને કંઠે છલકાવે, આજે નવલું ગાણું,
નીંદરપોઢી ધરતીને દે સપનાનું નજરાણું.
'કાલ સવારે સૂરજ ઊગશે.' નોબત એ બજાવી છે.

આકાશ, ધરતી, ડુંગર, પર્વત, સઘળે એ છલકાય,
સાત સાગરનાં નીરમાં કેવી નિતનિત ન્હાતી જાય.
નાની અમથી આંખમાં તોયે એને મેં સમાવી છે.

□

## ૩ : પતંગિયું

મારી આંખો – પતંગિયું.
ફૂલફૂલનાં રૂપ ધરીને,
ફૂલફૂલના રંગ ભરીને,
છલબલ છલબલ ઊડે અહીં તહીં
ક્યાંય, કરે ના ઠરિયું.
પવન-પાણી જાય સરી એ,
આકાશોને જાય તરી એ,
સોનપરીનાં સપનાંથી બસ
જગ આખું આ ભરિયું.

□

# ૪ : સાગર

સાગર શો ઘૂઘવાટ કરે?
નીલ ગગનમાં ઝૂલે ચાંદો,
લેવા જાગે અંતર કોડ,
લાંબા લાંબા હાથ ઉછાળે
આંધળી કેવી એની દોડ.
ખાલી હાથે પાછો ફરે
તેથી એ ઘૂઘવાટ કરે?
ફાળ ભરે જે સિંહના જેવી
સફેદ ફીણની શોભે યાળ.
કાંઠાની રેતી પર બેસી
વરસાવે એ કોને વ્હાલ?
આભ આખું શું આંખ ભરે?
સાગર શો ઘૂઘવાટ કરે?
લાખ નદીનાં મીઠાં પાણી
પીતો તોયે ખારો ઉસ
રતન મોંઘા, કેટલો વૈભવ!
તોય રુવે, કેવો કંજૂસ!

લક્ષ્મી વિષ્ણુને જો વરે
તેથી એ ઘૂઘવાટ કરે?
સાત પાતાળે પૂરી દીધી
નાની અમથી સોનપરી.
રોજ રુવે બચ્ચારી તોયે
દયા લગીર ના ઉર ધરી.
હૈયું તોય એનું થથરે?
સાગર શો ઘૂઘવાટ કરે?

□

## ૫ : લાલદરવાજા

બસનો જાણે બેટ!
આંખ મારી આ જાય રે થાકી
એટલી ઉમટે બસ.
કાંઈ કશું ના ઊગે આહીં
ઊગે બસ માણુસ.
માથાઓ લ્હેરાય અહીં,
જો અવનવું કો ખેત.

ભીડનાં મોજાં ઉછળે એની
છાલક વાગી જાય.
નાનાં મારાં પગલાં આ રે
અહીં તહીં અટવાય.
કોઈની ગાળો વરસે અને
વરસે કોઈનું હેત.
મમ્મી-પપ્પા ખોવાઈ જાતાં,
હું ય રે ખોવાઈ જાઉં.
બસ તો ધસમસ દોડતી આવે
'ખાઉં રે માણસ ખાઉં.'
કોઈની ઊડે છત્રી, પડે લાકડી,
નમે ચશ્માં અને કોઈની ઊડે હેટ.

□

## ૬ : કાંકરિયા

મા! રિક્ષાને બોલાવું ?
ચલને, મા! કાંકરિયા જઈયેં
જોશું ઝૂનાં પ્રાણી.

વાઘ, સિંહ, સાબર ને બંદર
પોપટ, મેના રાણી.
તળાવ નીરે રમતાં વાદળ
નિરખીને હરખાવું.
બબ્બે માળની બસનો કેવો
રસ્તે જામે વટ....!
લારીવાળા ને લોકોની
રવિવારની ઠઠ.
વનને જોવા શહેર ઊભરાયું
કોનાં ગીતો ગાઉં?
મોટા પહોળા રસ્તા તોયે
જામી કેવી ભીડ?
બસ રિક્ષાના અવાજ કેવા!
મનમાં ચડતી ચીડ.
પ્રાણી-પંખી સંગાથે તોય
હૈયે હળવા થાવું.

□

## ૭ : માણેકચોક

માણેકચોકનાં પાઉં ને ભાજી,
છૈયાં છોકરાં સહુયે રાજી.

રાત પડે ને સો સો સૂરજ
અહીં તો એવા ઊગે,
નગરી જાણે જાદૂગરની
કોઈ ન એને પૂગે.

હસતાં, રમતાં લોકો આવે
તબિયત સહુની તાજી.
નાનાં છોકરાં પૂછતાં આવે
'બોલો, શેઠ શું લાવું?'
કોને કહેવું? શું રે કહેવું?
મનને રોજ મૂંઝાવું.

અથડા અથડી, દોટંદોટા,
ચિંતા તો ય ન ઝાઝી.
ભેળપૂરી વેચે જો ભૈયો,
દુંદ કેવી રે ગોળ!

ફેરવે મૂંછે હાથ અને મોં
હસતું ગોળમટોળ.
ઝીણી આંખો પૈસા જોતી
દેવામાં તો ય પાજી.

સમોસા ને સેન્ડવિચ ભૈ,
કુલ્ફી ને આઇસ્ક્રીમ,
કોકા–ફેન્ટા, ચા ને લસ્સી
કિસ્મત ને રિમઝિમ.
માગ, માગ, માગો તે મળશે
મરશો ના ભૈ લાજી.

□

## ૮ : ધુમ્મસ

ધુમ્મસની ચાદર,
આજ સવારે ઓઢી સૂતું આખું આ નગર.
વાદળદળમાં લપ્પાઈ જઈને
સૂતા સૂરજદાદા,
નીંદર આંજી આંખે સૂતાં

પંખીયે ના ગાતાં,
શીદને મા ઉઠાડે મુજને?
જો કંપું હું થરથર.
ઘર, દીવાલો ને રસ્તાપર
અંધારું જો લીંપ્યું,
ટમટમતા દીવા કેરું જો
અજવાળું યે થીજ્યું.
તલવારો લેને ઘૂમે જો
પવન કેવો ફરફર.
છાપું ક્યાં? દૂધવાળો ક્યાં મા?
ના કૂકડાનો કંઠ.
રોજ સવારે આરતી ગાતો
શાંત મંદિરનો ઘંટ.
નથી જવું નિશાળે માડી
લાખ ભલે, કરગર.

□

## ૯ : ગુલાબ

હું તો મઘમઘતું ગોરું ગુલાબ.
પાંખડીએ પાંખડીએ છલકાતી છાબ.
ઉષાની ઓઢીને રતુમડી શાલ,
જગને વરસાવું હું ગુલાબી વ્હાલ.
આંખોમાં છલકાતું આખું રે આભ.
ચારે કોર કાંટાનું તીખું રે ગીત,
વેરું તોયે મારું કિલ્લોલી ગીત.
લાજી મરે સૌ કાંટા મુજ કાખ.
બેનીની વેણીએ હું રમતી સુગંધ,
ગૌરવે ઝૂલું હું કોકને રે કંઠ.
કોકની પૂજાના લલકારું રાગ.

□

## ૧૦ : મોગરો

મારી કાયા તે કામણગારી
ધોળાં તે દૂધ જેવાં રૂપની
હું પળપળ ઝરું છું ઝારી.

નાજુક ને નમણાં મારાં આ ગાત!
મારી શોભા ભાઈ! કેવી રળિયાત!
કૈં ઠાઠ તો મારો છે ભારી.
વેણીના વ્હાલે હું વેરું સુગંધ,
પૂજાની થાળીએ ઝરતો ઉમંગ.
હું છલકાવું જીવનની કયારી.

□

## ૧૧ : કમળ

હું તો મ્હોર્યું કમળનું ફૂલ.
સો સો રે પાંખડી મારો શણગાર,
રમતું ભમતું રોજ દેવ કેરે દ્વાર.
ઓઢું નિત જલની ઝૂલ.
સૂરજને તેજે મારી જાગે સવાર,
ગુનગુનતા ભમરાનાં ગીતોના હાર.
કોણ મૂલવે મોઘેરાં મૂલ?

□

## ૧૨ : સૂરજમુખી

હું સૂરજને નિત રહું તાકી.
લોક કહે : 'સૂરજમુખી! તું જઈશ રે થાકી.'
સૂરજને વ્હાલે મારી ઊઘડે રે આંખો,
ક્યાં તે શમણે મારી વહી જાય પાંખો?
  તરસું હું તેજ, ક્યારે થાય મને ઝાંખી?
સૂરજને ચરણે હું ઢાળું રે રૂપ
કોણ સુણે મને? આ જગ આખું ચૂપ.
  સૂરજ વિનાની મ.રી કાયા ઝાંખી ઝાંખી.

□

## ૧૩ : વસંત

આ આવી વસંતને વધાવીએ
  કે આપણા હોઠો વસંત.
આ આવી વસંતને હુલાવીએ
  કે આપણું હૈયું વસંત.
આ વસંતની વેણુ જો વાગી
  કે આપણા કલરવ વસંત.

આ રમતી વસંત વરણાગી
કે આપણાં ચરણો વસંત.
આ વસંતે રૂપ જે ઢોળ્યાં
કે આપણી આંખો વસંત.
આ વસંતે વાયુ ઢંઢોળ્યા
કે આપણી પાંખો વસંત.

□

## ૧૪ : તડકો

તડાક તડકો,
સૂરજની આંખોનો ભડકો.
પીળું સોનું વેરે તડકો,
લીલો, લીલી ડાળે તડકો,
ફૂલની નાની કળીઓ સાથે
મીઠું મીઠું મલકે તડકો.
તડાક તડકો,
સૂરજની આંખોનો ભડકો.
નદીએ ન્હાતો જાય તડકો,
સાગરગીતો ગાય તડકો,

પવનની ફરફર સંગાથે
દશે દિશાએ સરકે તડકો.
તડાક તડકો,
સૂરજની આંખોનો ભડકો.

પંખી પાંખે ઝૂલે તડકો,
કોયલ કંઠે હુલે તડકો,
દડબડ દડબડ દોડી જૈને
ડુંગર ટોચે ફરકે તડકો.
તડાક તડકો,
સૂરજની આંખોનો ભડકો.

ખેતર ચાસે રમતો તડકો,
મોલે મોલે ઝૂમતો તડકો,
લોકતણી આંખોમાં કેવો
વ્હાલ બનીને ચમકે તડકો.
તડાક તડકો,
સૂરજની આંખોનો ભડકો.
ભલેને અડકો,
તોય દઝાડે ના એ તડકો.

□

## ૧૫ : પવન

આ પવન તણો કેવો સૂસવાટ !
વાદળદળમાં પૂરાયો'તો
કેદ એ કાલે રાતે,
ક્યાંથી છટકી નીકળ્યો આજે ?
આવ્યો અહીં શી વાટે ?
કેવો મચાવ્યો છે તરખાટ.

સાગરના તડકાની સંગે
જે બાંધી ભેરુબંધી.
તડકાને ઓઢાડી દીધી
એણે એની ઠંડી.
કેવો કરતો એ ઘોંઘાટ.
આમળી પીપળી રમતો આજે
ઝાડને પાને પાને,
પંખીની પાંપણમાં ફરકે,
કહ્યું ન કોનું માને.
નિજનાં ગીતો, નિજની વાટ.

કળીઓને ઢંઢોળી એણે,
ઢંઢોળ્યાં સૂતાં રે ફૂલ,
નદીઓનાં નીર થીજવી દીધાં,
ખાડાઓમાં એ થાતો ડૂલ.
થીજ્યાં છે સહુનાં રે ગાત.

બારીબારણાં સંગે કેવું
મચવે આજે એ તોફાન.
એ ય તે ગાંડાં, એની સંગે,
આજે ભૂલે નિજનું ભાન.
ખખડે છે સઘળે ખખડાટ.

ચારેકોરે ગીત રે એનાં,
જાગી ઊઠ્યા સાતે સાજ.

પાગલની જેમ ધૂધવે એનો,
સૂ સૂ સૂ સૂ આજ અવાજ.
જાણે સાગરનો ઘુઘવાટ.
ઉડાડતો એ છાપરાં આજે,
ઉડાડતો એ મનને મોજ.

ક્યાંય કશાનો ડર ના એને,
ના કશાનો એને છોછ.

અજબ રચ્યો છે આજે ઠાઠ.
સગડી, તાપણી સઘળાં કેવાં
આજ ઠરીને ઠંડા હિમ.

રાજાનો રાજા શો આવ્યો
કરે સલામો, સહુ આધીન.
સહુનાં મનમાં આજ ઉચાટ.

ડરી ગયાં સૌ લોક, જો કંપે,
છૂટ્યો જાણે કાળો વાઘ.

કોટ, સ્વેટર ને મફલર કેરી
દિવાલો બાંધીને આજ
રક્ષે સહુ સહુની રે જાત.

બંદા બાંદર બ્હાર મા! નીકળે
પવનતણા કરવા રે વાદ.

થનગન થનગન ચરણો નાચે,
વાળીશ ના પાડી તું સાદ.
નવી નિશાળો, નવલી વાટ
આ પવન તણો કેવો સૂસવાટ!

□

## ૧૬ : હલેસાં

હઈસો હલેસાં, હલ્લેસાં,
હઈસો હલેસાં, હલ્લેસાં.

સરસર સરતી જાશે,
પવનપૂરે તરતી જાશે,
કાંઠાના બેટથી છોડો રે હોડી,
રામ ભરોસે ભૈ છોડો હોડી.
હઈસો હલેસાં, હલ્લેસાં.
હઈસો હલેસાં, હલ્લેસાં.

પાણીના પ્હાડોની રાતો,
ટમટમતા તારાની વાતો
તરતું આકાશ આપણું ભેરુ,
છંછેડયો આપણે કાળો એરુ.
હઈસો હલેસાં, હલ્લેસાં,
હઈસો હલેસાં, હલ્લેસાં.

છલછલ છલકે પોઠો,
આપણાં સપનાંની પોઠો.

આપણો મુકામ પરીઓને દેશ,
સૂરજને દેશ ને ચાંદાને દેશ.
હઈસો હલેસાં, હલ્લેસાં,
હઈસો હલેસાં, હલ્લેસાં.
ઝબકી દેશું રે પાતાળે,
પરીઓનાં વરસંતા વ્હાલે.
વેચાય સપનાં સટાકસટાક
વેચાય ગીતો સટાકસટાક.
નફો આપણે ચોકખોચટાક.
હઈસો હલેસાં, હલ્લેસાં,
હઈસો હલેસાં, હલ્લેસાં.

□

## ૧૭ : ટોળી

મારે આંગણે આવી એક પંખીની ટોળી.
એની ભોળી ભટાક રે આંખોમાં આજ
આ લીલું ચટાક આભ આવ્યું,
મમ્મીની વહાલભરી આંખોએ આજ
એને કાખે તે કેવું સમાવ્યું.

મારે આંગણે ચમકે રે આકાશની ટોળી.
એની પાંખે પલાણી ઊડી ઊડી આવ્યા
મેઘધનુ રંગ જે રમવા,
બેનીબાની વેણીએ ઊછળી ઊછળીને
એ કેવા લાગ્યા આજ ભમવા.
મારે આંગણે છલકે છે રંગોની ટોળી.
એને કંઠે અસવાર થઈ ગુંજતાં રે
આવ્યાં દૂરનાં સાગરનાં ગીત.
કોણ જાણે કેમ કરી મ્હોરી ઊઠયાં એ
પપ્પાને વ્હાલ ભરે સ્મિત.
મારે આંગણે મલકે છે ગીત તણી ટોળી.

□

## ૧૮ : સૂર

હું તો કાનાની મોરલીનો સૂર
કે વનવન વીંધી ભસું.
આકાશી વાદળને ઘોડે પલાણતો,
ચારેકોર વાયુની સંગસંગ ખેલતો.

આખા મલકને ચો
રાધાનાં ગીતો ઝરુ

હું તો મીરાંનાં ઘૂઘરનો સૂર
કે વનવન વીંધી ભરુ
તાલે ચરણુને રુમઝુમ નાચ્યું,
સુંદર શામળિયાની કૃપા હું યાચ્યું.
આખા મેવાડને કે
મોહનનાં ગીતો ઝરુ

□

## ૧૯ : હુસેનચાચા

હુસેનચાચા આવ્યા ભાઈ!
બરફ લારી લાવ્યા ભાઈ!
ચાર વાગે,
ચોકઠું જાગે,
ટનટન્ ટનટન્ ટોકરી વાગે,
શેરીઓ જાગે.
"હેયાં છોકરાં આવો, ભાઈ!
બરફ લ.રી લાવ્યો, ભાઈ!"

ટીનુ દોડે, ટીકા દોડે,
મીનુ દોડે, કેકી દોડે,
શેરીનાં સહુ છોકરાં દોડે.
પૈસા ખખડે,
તાસક ને વાડકીઓ ખખડે,
'અમને જલદી દે દો, ભાઈ!'
'શાંત રહો સબ!
ચૂપ રહો સબ!
ઊંચાઈસે સબ એક કતાર,
રાતા, પીળા, ભૂરા, લીલા, બરફ ગોળા હો તૈયાર.
મનની મોજે મ્હાલો ભાઈ!'
હુસેનચાચા બોલે ભાઈ!
મનની મોજે મ્હાલીએ, ભાઈ!
બરફગોળા ખાઈએ, ભાઈ!
ટનટન્ ટનટન્ ટોકરી વાગે,
લારી ચાલે,
લાલ લાલ ટોપી ચાલે,
કાળું કાળું ફૂમતું ચાલે,
ટોકરી ટનટન્ કરતી ચાલે,

શેરી બોલતી બોલતી ચાલે,
"છૈયાં છોકરાં આવો, ભાઈ!
બરફગોળા લાવ્યો, ભાઈ!"
હુસેનચાચા ચાલ્યા, ભાઈ!

□

## ૨૦ : ઝાંઝર

રુમ્મક ઝુમ્મક,
ઝાંઝર ઝલ્લક.
ઝાંઝરની ઘુઘરીઓ મલકે
રુમ્મક ઝુમ્મક.
ઝાંઝરિયે બંધાયા મોર,
મોર નાચે,
સંગે સંગે ઢેલ નાચે,
પનિહારીની હેલ નાચે
છાલક છુમ્મક.
ઝાંઝરિયે રૂપાની પરી,
પરી મલકે,

સાગર છલકે, ચાંદો સળકે,
ફૂલોનાં રંગો જો મલકે,
પંખીડાંરાં ગીતો છલકે,
ઝાકળનું બિંદુ રે ચળકે
ઝાલક ઝુમ્મક.

ઝાંઝરિયે માનાં સહુ સપનાં,
સપનાં જાગે,
મેંદીના રે રંગ જાગે,
રંગે લીલમ લીલો છાક,
રંગે રતુમડો જો છાક,
છાકે છાકે
સપનાં રમતાં,
સપનાં હસતાં,
સપનાં કદી ન થાકી જાય.
સપનાનાં સાગર ઊભરાય.
હાલક હુમ્મક.

□

## ૨૧ : બેનીબા

ગુલાબ ગોટો, બેનીબા!
ફૂલનો સોટો, બેનીબા!

એની નાની નાની આંખ,
આંખોમાં રમતું આકાશ.
એના નાના હોઠનું હાસ,
એમાં ચાંદલિયાના ચાસ.

ચાંદા–હરણું બેનીબા!
ગીતનું ઝરણું બેનીબા!

પોચી હથેલીઓ સુંવાળી,
નદીઓ કૈં દોડે રૂપાળી,
ટચુકડા જો પગો ઊછળે,
સાગર તેમાં કેવો ઘુઘવે.

સાગર–મોતી બેનીબા!
સપનાં જોતી બેનીબા!

બોલે કાલાકાલા બોલ,
પંખી જાગ્યાં સાવ અબોલ,

સોનપરીનાં ચોર્યાં ફૂલ,
સોનેરી છે વાળની ઝૂલ.
સોનપરી રે બેનીબા!
દેવની દીકરી બેનીબા!

□

## ૨૨ : ઢીંગલી

હું ઘૂમું ને ઢીંગલી ઘૂમે.
મારી આંગળી ઝાલે ઢીંગલી,
મારી સાથે ચાલે ઢીંગલી,
હું ગાઉં ને ગાતી ઢીંગલી,
હું હસું, હરખાતી ઢીંગલી,
હું લડું, રિસાતી ઢીંગલી,
રસ્તામાં ખોવાતી ઢીંગલી.
તોય બોલાવું એક અવાજે
હાજર થઈને ચરણો ચૂમે.

એકલી એકલી રડતી ઢીંગલી,
આંખાંખોળા કરતી ઢીંગલી,
નીંદરખોળે ઢળતી ઢીંગલી,

ઊંઘમાં ડૂસકાં ભરતી ઢીંગલી,
સપનામાં સરકતી ઢીંગલી,
પરીઓને પજવતી ઢીંગલી.
નિશાળથી આવી બોલાવું.
જાગે મારી એક ચૂમે.

□

## ૨૩ : સપનું

સપનું રે સપનું,
માડીનું સપનું.
માની નાની આંખોનું
મજાનું હું સપનું.
દેવમંદિરે ફૂલો ધરતી,
આંખો મીચી પૂજા કરતી,
આંખ બે ખૂલે,
અરધીપરધી એ ખૂલે.
અધખૂલી એ માની આંખે
સુગંધ થૈને હળવે હળવે
ત્યારે હું સરકું.

રોજ રોજ સાંજે,
આરતી જો ગાજે.
ઘીનો દીવો પાણિયારે કરતી,
નિરખી તેજ ને મીઠું હસતી.
હોઠ પર બેઠા પંખી ફરકે,
છાનું છાનું ગીત જો સરકે,
હોઠ બે ઝૂલે,
હોઠ બે માના ખૂલે,
અધખૂલ્લા બે માના હોઠે
લપ્પાઈ જાતો ગીત બનીને
છાનું રે છપનું.

□

## ૨૪ : દહીંનો ઘોડો

દહીંનો ઘોડો છૂટ્યો.
રવિવારની રજા,
રમવાની જો મજા.
ભણવું નહિ, ગણવું નહિ,
તારે મને લઢવું નહિ.

પતંગ દોરી લૈને હાથ,
ચાલ્યો દોસ્તોની સંગાથ.
પતંગ મારો ગોથાં ખાય,
પવન થાકી પડી જાય.
કેવો જોને દુત્તો!
દહીંનો ઘોડો છુટ્ટો.

દહીંનો ઘોડો છુટ્ટો.
રવિવારની રજા,
રમવાની જો મજા.
ભણવું નહિ, ગણવું નહિ,
તારે મને લઢવું નહિ.
સાથેના ચોગાનમાં
ખેલાતી જો મેચ,
કોઈ મારે ફટકો ને
કોઈ કરે કેચ.
આવશે હવે મારો દાવ
જાઉં લૈને બેટ.
તારો બેટો રમશે મા!
અવનવી ક્રિકેટ.

છૂટયો જે સનસનતો બાલ,
પૃથ્વી ફરે કેવી રે ગોળ.

બેટ વીઝું હવામાં
સાવ ખાલીખમ.

બાલ વળગ્યો સ્ટમ્પને
ઉડાડયાં એકદમ.

બાલ કેવો લુચ્ચો.
દહીંનો ઘોડો છુટ્ટો.

□

## ૨૫ : ચાંદો

અંધારાંનું જંગલ વીંધી
વીંધીને તારાનું વન,
હસતો દોડે કયાં ચાંદલિયો?
કેમ ખુંદે આખુંય ગગન?

જંપે વાદળગોદ ઘડીક કે
સાગર ભરતી પર તરતો,

પંખી માળે હાલરું ગાઈને
પાને પાને થનગનતો.
ગીત રે ગાતો લોલુંછમ.

સરસર સરકે સડક પરથી,
પ્હોંચે દૂરને પેલે પ્હાડ,
જંગલ દેખી જરી ન કંપે,
સુણે વાઘવરુની ત્રાડ.

નિજમાં આજે એય મગન.

પ્હાડની પેલી પાર ટેકરીએ
જો ઊભી એક સોનપરી,
ક્યારની જૂએ વાટ ચાંદાની
શીળો અમરતકુંભ ભરી.

નાચે ચાંદલિયો થનગન.

સોનપરીને મળવા ચાલ્યો,
ચાંદો હસતો, ખુંદી ગગન.

અંધારાનું જંગલ વીંધે,
વીંધે એ તારાનું વન.

□

## ૨૬ : હોડી

તરતી છોડી,
મા ! મારી કાગળની હોડી.
હોડીમાં મારાં છે સપનાં,
કોઈને થાશેને ખપનાં ?
હોડીમાં મૂકી ફૂલમાળ,
હોડીમાં મા ! તારું વ્હાલ.
જાય એ દોડી,
મા ! મારી કાગળની હોડી.
હોડીમાં મામાનો દીવો,
મામી મારી જુગજુગ જીવો,
મામીનાં ઝભલાં ને ટોપી
ભરતી હોંશે હોંશે હોડી.
લંગર તોડી,
જાય એ દોડી,
મા ! મારી કાગળની હોડી.
હોડીમાં છે અલ્લક દલ્લક,
બેનીબાનું ઝાંઝર ઝલ્લક,

હોડીમાં છે એન ને ધેન,
દીવાનું સોનેરી ઘેન.
ઘેનને ઓઢી,
જાય એ દોડી,
મા ! મારી કાગળની હોડી.

હોડીમાં છે ચલકચલાણું,
માશીબાના ઘરનું ભાણું.
હોડીમાં દાદાની વાતો,
દાદીમાની મીઠી રાતો.
અરબી ઘોડી,
જાય આ દોડી,
મા ! મારી કાગળની હોડી.

હોડીમાં શ્રાવણિયો ગાજે,
શ્રાવણ ગાજે, પિલ્લૂ પાકે.
ઊગે ઊગે વ્હાલનાં ખેત,
ચળકે જો બાપુનું હેત.
કાંઠા છોડી,
જાય આ દોડી,
મા ! મારી કાગળની હોડી.

હોડીમાં ચાંદો ને સૂરજ,
હોડીમાં તારાના ઝૂરજ.
હોડીમાં ગીતોનાં પંખી,
ભેરુઓની રમતો જંપી.
શંખ ને કોડી,
લઈને હોડી,
મા! મારી કાગળની હોડી.

સાતે સાગર પાર કરી,
હોડી જે કાંઠે લાંગરી,
ઝુમ્મક ઝુમ્મક સોનપરી
સઘળું દેખી હસી પડી.
હસતી હોડી,
રમતી હોડી,
મા! મારી કાગળની હોડી.

□

## ૨૭ : રેલ

આ નદીમાં આવી રેલ!
કુદરતનો કેવો આ ખેલ!
નાની અમથી છોકરી જેવી
રણમાં કાલે રમતી,
બીવડાવે ઉછાળા મારી
આજ હુંકારા ભરતી.
જાણે છોકરી કોઈ છકેલ.
તરતાં આવે ગામડાં, તેમાં
તરતાં આવે ઝાડ.
ઢોર ને ઢાંખર તરતાં આવે,
ઊછળે જલના પ્હાડ,
તરે શાકભાજીની વેલ.
આખાં આખાં ગામ ડૂબે ને
ચારેકોરે પાણી,
નઠારી છોકરીને જાણે
દેડકે આજે તાણી.
ઊછળે પાણીકેરા મ્હેલ.

ઘૂઘૂઘૂઘૂ ઘૂઘવે પાણી
ઘૂઘવે જાણે સાગર,
પોક મૂકીને સાઇરન રડતી
ડર, બધાંને ડર.
કેવી સ્હેલ ને કેવી ગેલ ?
આપણને ના ડર, ન ચિંતા
નિશાળમાં છે રજા.
પપ્પા–મમ્મી કૈં ન ટોકે
આપણે તો બસ મજા.
આપણ ભલા, આપણો ખેલ.
આ નદીમાં આવી રેલ.

□

## ૨૮ : એરોપ્લેન

એક પંખી એવું,
સાવ જોવા જેવું.
ગોળ ગોળ તે ઘૂમતું,
સાવ ઊંચે તે ઊડતું,

આકાશમાં તે તરતું તરે,
વાદળદળને વીંધતું ફરે.

ઓળંગે સાગર ને પ્હાડ,
ગાઢાં જંગલ, ઊંચાં ઝાડ,
ચાંચ નહિ પણ બોલ્યા કરે,
આખી દુનિયા ફરતું ફરે.

ફળ કે ચણની વાત નહીં,
લગીર તેને થાક નહીં,
પેટ્રોલપાણી પીતું ફરે,
દિવસ રાત ઘૂમ્યા કરે.

નવી દુનિયા, નવાં લોક,
જોયું સઘળું તેનું ફોક.
પાછું તે તો ઠેરનું ઠેર.
ઘાણીના બળદની પેર.

□

## ૨૯ : રેડિયો

એક અવનવું રે પ્રાણી,
સૌને ગમતી તેની વાણી.

બોલે પણ ચાલે નહિ,
લીલી આંખે ભાળે નહિ.
ઊઠે ત્યારથી બોલતું જાય,
હરતાં ફરતાં ગીતો ગાય.

એક ખૂણામાં બેઠું રહે,
જગની વાતો વ્હેતી કરે.
સૌને તેની સોબત ભારી,
વાતો કરતું ન્યારી ન્યારી.

નાનું થઈ ટેબલ પર ભમતું,
કોઈના ખિસ્સામાંય સરકતું.
કોઈના હાથે રમતું રમે,
સાઈકલ મોટર સાથ ભમે.

જુદા જુદા રંગો ધરી,
જુદાં જુદાં રૂપ ધરી.

સહુને વ્હાલું વ્હાલું થાય,
સહુનાં મનને હરતું જાય.

એક અવનવું રે પ્રાણી,
સૌને ગમતી તેની વાણી.

□

## ૩૦ : ઘડિયાળના કાંટા

બે પંખી આ એવાં,
જુઓ, ભાઈ કેવાં!

એક ડાળે બેઠાં સહી,
તોય કશું બોલે નહીં.

એક આગળ સરતું જાય,
બીજું જો પાછળ ઘસડાય.

સરતાં સરતાં આમને આમ,
કરતાં જાતાં નિજનું કામ.

ઘડીક વળી ભેગાં થાય,
સુખદુ:ખની વાતો થાય.

વળી પાછાં છુટ્ટાં,
સાવ જાણે છુટ્ટાં.

કશી કોઈ વાત નહિ,
કશી કોઈ પિછાણ નહિ.

આગળ પાછળ સરતાં જાય,
કલાકો તો વહેતાં થાય.

તોય એક ડાળે,
રહેતાં એક માળે.

□

## ૩૧ : ડીંગડોંગ, ડીંગડોંગ

ડીંગડોંગ, ડીંગડોંગ.
ઘંટડી વાગે,
કોયલ જાગે,
ટહુકારે ટહુકારે
એના વસંત જાગે.

પગલાં જાગે,
આંખો જાગે,
'કોણ હશે એ?' સાદ જાગે,
મોંનાં પેલાં હાસ જાગે,
ચહેરાની સુવાસ જાગે,

નીંદર ખોળે સૂતેલું
સળવળીને પાણી જાગે,
ગેસ જાગે, સ્ટવ જાગે,
ચા જાગે, કૉફી જાગે, દૂધ જાગે,
પાણિયારાં પર સૂઈ ગયેલાં
ચાનાં પ્યાલાં રકાબી જાગે.

અવાજ જાગે,
સૂઈ ગયેલું ઘર જાગે,
ઘર હવે ઘર લાગે.

ઘંટડી વાગે
ડીંગડોંગ, ડીંગડોંગ.

□

## ૩૨ : સાત સાત રંગો છલકાય

વાંસની વાંસળીમાં પૂરાયો પવન,
પવનને સૂરે આજ નાચે ગગન.
નાચે ગગન, કેવું હૈયું હરખાય!
સાત સાત રંગો એના છલકાય.
રંગોથી પંખીએ આંજી છે આંખ,
પવનના સૂરથી ભરી ભરી પાંખ,
પાંખથી ઊડીને પીછું એક આવ્યું,
મારે તે ચોક એ તરતું જો આવ્યું,
ચોકમાં રમતું આખું રે ગગન,
ચોકમાં ઘૂમતો પેલો પવન.
ચોકમાં વાંસળી ગીતો કૈં ગાય,
ચોકમાં પંખીની પાંખો છલકાય.
પીંછું ઘૂમે ને ઘૂમે ચરણ,
ચરણની સંગ સંગ ઘૂમે ગગન.
ગગનના સાત સાત રંગો છલકાય,
માની તે આંખ જો કેવી મલકાય.

□

## ૩૩ : પોપટ

મારે આંગણે પોપટ એક ઝૂલે,
રોજેરોજ એ સીતારામ બોલે
કે પોપટ રૂડો રૂપાળો.

પોપટ લીલા તે રંગમાં ન્હાતો,
રંગ ચાંચનો રે રાતોમાતો
કે કાંઠલો કાળો કાળો.

ચળકે આંખો નાની ને મજાની,
વાદળી છુપાઈ એક એમાં છાની
કે રાગ તો વ્હાલો વ્હાલો.

એને મરચું-જમરખ વ્હાલાં,
રીઝવે લેણુ કૈં બોલી કાલાં
કે 'રમવા હાલો હાલો'.

□

# ૩૪ : મિન્ની માશી ઝિંદાબાદ

મિન્ની માશી ઝિંદાબાદ !
મિન્ની માશી ઝિંદાબાદ !
મિન્ની માશી ચૂંટણી જીત્યાં,
થઈ ગઈ ભારે કમાલ.

ગઈ કાલે તો મીંદડી જેવાં,
આજે જો પલટાયા હાલ.
ચારે કોરે ગુંજે નાદ
મિન્ની માશી ઝિંદાબાદ !

કાલ સવારે ખૂણે બેસી
ઉંદરને તાકી રહેતાં,
હાથ પડે એકાદો ઉંદર,
કેવું મનમાં મલકાતાં.
મળે ચાર દિવસનું ધાન,
આજ હવે થાશે પરધાન.

તાર, ટપાલ ને ટેલિફોનો,
લોકોની રે લાખ સલામ.

હાર, છબી ને છાપાંવાળા,
આજે આખું ઊમટ્યું ગામ.
સહુનો આજે એક જ સાદ.
મિન્ની માશી ઝિંદાબાદ!

ચળકે આજે રેશમી સાડી,
શોલાપુરી સોહે ચંપલ.
સોનેરી ચશ્માથી નીરખે
આંખ હવે એની ચંચલ.
મિન્ની માશીનો શો ઠાઠ,
જાણે નાટકનો કોઈ પાઠ!

સહુની સામે હસતાં, જોતાં,
હાથ જોડી જોડી નમતાં.
આઈસ્ક્રીમ, પેંડા, જાતે વ્હેંચે
સહુને આજે એ ગમતાં.
સહુને થાતું : થશું આબાદ
મિન્ની માશી ઝિંદાબાદ!

'એક વાર જો ખુરશી આપે
થઈ જાયે તો જયજયકાર.

મારી પાસે ઈલમકી લકડી,
જો જો મારો ચમત્કાર.'
મિન્ની માશીનું એ ગાન,
લોક સાંભળે દૈને કાન.
ખુરશી બેઠાં મિન્ની માશી
મોટરમાં જો મ્હાલે.
આકાશે અદ્ધર ચાલે ને
ના પેટનું પાણી હાલે.
શેની વાતો? શેના વાદ?
મિન્ની માશી ઝિંદાબાદ!

□

## ૩૫ : બિલ્લીબાઈ

બિલ્લીબાઈ! બિલ્લીબાઈ!
એકલાં ચાલ્યાં બિલ્લીબાઈ!
કપાળ મોટું તિલક કીધું,
હાથમાં ઝાલી માળા.

લાકડીને ટેકે ટેકે એ
ક્યાં ચાલ્યાં પગપાળાં?
સહુને થાતી આજ નવાઈ.

'ઉંમર થઈ, બહુ પાપ મેં કીધાં,
ધોવા જાત્રા જાઉં.
કાશી, મથુરા, વૃન્દાવનમાં
ધૂણી હવે જમાઉં.
હવે જીવું ભજનોને ગાઈ.'

'ચાલો ત્યારે, સાથે આવું.'
બોલ્યો એક ઉંદર,
'હવે તમારો ભય રે કેવો?
કેવો અમને ડર?
તમે જશો ન અમને ખાઈ.'

'હવે ખાવાની વાત રે કેવી?
પાપ નવું ના કરવું.
હરિનું શરણું એક રે મારે,
હરિને ખોળે મરવું.
પુન તને યે મળશે સવાઈ.'

ઘોર અંધારું જામ્યું, રસ્તે
દેખાડ્યું પોતાનું પોત,
હડપ દઈને ઉંદર માર્યો
ગળિયો પેટમાં જોતાંજોત.
'હાશ! ભરાયું પેટ રે ભાઈ.'
લાકડીને ટેકે ટેકે એ
ચાલ્યાં રે પગપાળાં.
કપાળ મોટું તિલક કીધું
હાથમાં ઝાલી માળા.
'કોઈને જાત્રા આવવું ભાઈ!'
સાદ રે પાડે બિલ્લીબાઈ.

□

## ૩૬ : ઉંદર સાત પૂંછડિયો

ઉંદર સાત પૂંછડિયો.
છત્રી વચ્ચે મોં છુપાવી,
ચોપડા ઝાલી હાથે,
ગામની શેરી વચ્ચે નીકળ્યો
કોઈ ના એની સાથે.

હાથમાં ઝૂલે કેવો ખડિયો.

છોકરાં હસતાં રમતાં ઊછળે,
ચઢતાં તોફાન વાટે.

નાના મોટા કાંકરા મારી
ખીજવે ઊંચા સાદે.
'ચાલ્યો પેલો સાત પૂંછડિયો.'

આમ ન જુએ, તેમ ન જુએ,
થાય જોવા રે જેવું.

ગામ આખું આ ટોળે વળ્યું,
સાવ વીલું મોં એનું.
દડબડ દડબડ એ તો દડિયો.

ઘર જઈને માની આગળ
નાંખ્યાં દોત ને કાગળ.
'સાત પૂંછડી મા! ઊગી શાને?'
છલકી આંખો છલછલ
છલકી ઊઠયો ઘરનો પડિયો.

□

## ૩૭ : ફૂલડાં

ફૂલડાં ફોર્યાં રે જગને ચોક
કે ફૂલ અમે નાનાં નાનાં.
પરીઓની રાતોનાં સોનેરી સપનાં,
વાયુની વાતોનાં મખમલિયાં સપનાં.
સપનાં મ્હોર્યાં રે જગને ચોક
કે ફૂલ અમે નાનાં નાનાં.
સૂરજદાદાનાં આંજયાં શું ઘેન,
તરતાં પંખી અમે વાદળિયે વ્હેણ.
પંખી થઈ ઊડયાં રે જગને ચોક
કે ફૂલ અમે નાનાં નાનાં.

□

## ૩૮ : નાચો બંદર

નાચો બંદર !
ડુગડુગિયું જો ડુગડુગ વાગે,
લોકની આંખે કૌતુક જાગે.
જાગો બંદર !
નાચો બંદર !

ઝૂકી ઝૂકીને કરો સલામ,
પાપી પેટને કાજે દામ
માગો બંદર !
નાચો બંદર !

નાકે ચશ્મા, આંખે ટોપી,
હાથમાં ધારી લકડી છોટી,
ઘૂમો બંદર !
નાચો બંદર !

રસ્તો આપણો લાંબો ખાસ્સો,
રોજનો આનો આ જ તમાશો.
ચાલો બંદર !
નાચો બંદર !

□

## ૩૯ : બંદા બહાદર

બંદા બહાદર !

ઘરમાં છે આપણું રે રાજ,
આપણે તો ઘરમાં સરતાજ.
બંદા બહાદર !

મમ્મી છો મીઠાઈ સંતાડે,
ખૂણે ખૂણો હું જાણું,
જાય સવારે ઑફિસ જ્યારે
મોજ મીઠાઈની માણું.

ખાલી ડબ્બા, તળિયા ઝાટક,
ખાલી ડબ્બા જોઈ સફાચટ,
મમ્મી પૂછે,
લાલ આંખે મમ્મી પૂછે,
સહુને પૂછે.

ડાહ્યો ડમરો થૈ ટેબલ પર
ચાને પીતો કૈં ન બોલું,

હોઠ ન લગીર મારા ખોલું.
સહુ કહે: ના અમને ખબર

મલકે મલકે બંદા બહાદર!
બંદા બહાદર!

પપ્પા પાસે ડાહ્યો ડમરો
થૈ ને બેસું ભણવા.

બોલું ગોટપીટ અંગ્રેજી ને
ગણિત માંડું ગણવા.

'કેયૂર બેટા, મારો ડાહ્યો'.
પપ્પા બોલે,
નૃપા પેલી મોં મચકોડે,
હસતો હસતો, દોડતો દોડતો
રેડિયો પાસે જાઉં,
'જૂઠ બોલે કૌઆ કાટે'
બિનાકાને ગાઉં.

ઇન્દિરાને ટપલા મારું.
નૃપાની ખેંચું છું લટ,
તાક્ ધિનાધિન્, તાક્ ધિનાધિન,

આજે આપણો જામ્યો વટ.
પપ્પાનો હું ડાહ્યો ડમરો.

શી છે ફિકર ?
બંદા બહાદર !

એકલાં પિક્ચર જાય જોવા
જ્યાં ઈન્દિરા ને નૃપા,
બહાદર બંદા ઘરમાં બેસી

જાચે મમ્મીની કૃપા.
ટિકિટ જેટલા પૈસા માગું,
એવડા એવડા પૈસા માગું,
ખોટા સાચા પૈસા માગું.

બેંકમાં મારું ખાતું,
પૈસા ભરે મમ્મી એમાં
થાય મારું મોં રાતું.

એકલો ક્યારે અરુણ સાથે,
એકલો ક્યારે મમ્મી સાથે
હૉટલ જાતો, પિક્ચર જાતો,

રાખું સઘળી ખાનગી વાતો,
મનમાં હું મલકાઉં.

પડે કદી નૃપાને ખબર
તો તો
'જૂઠ બોલે કૌઆ કાટે...'
ગાતો ગાતો
દોડી જાઉં સરસર.

બંદા બહાદર!

